# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-01-2025** **Day: Thursday** **Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-વડનગરમાં વિકાસ કાર્યો:

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. શ્રી શાહ મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં ભાગ લેશે અને નવનિર્મિત પુરાતત્વીય અનુભવ સંગ્રહાલયનું લોકાર્પણ કરશે.

298 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ મ્યુઝિયમમાં ખોદકામ દરમિયાન મળેલી 5000થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના 2500 વર્ષના ઇતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રી ₹72 કરોડના ખર્ચે તૈયાર થયેલા 'પ્રેરણા સંકુલ'ને રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી અમિત શાહ વડનગરમાં 33 કરોડ 50 લાખ રૂપિયાનાં ખર્ચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરશે. અને પ્રાચીન હાટકેશ્વર મંદિરની મુલાકાત પણ લેશે. આ ઉપરાંત, શ્રી શાહ મહેસાણામાં ગણપત યુનિવર્સિટીનાં 18મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે તેઓ અમદાવાદનાં સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાન મથક ખાતે ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામનું ઉદઘાટન કરશે.

-----------------------------------------------------------------------------------

## મહાકુંભ-આંતરાષ્ટ્રીય પ્રતિનિધિ મંડળ:

ભવ્ય અને દિવ્ય મહાકુંભ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે. મહાકુંભનો ભાગ બનવા માટે, 10 દેશોના 21 સભ્યોનું પ્રતિનિધિમંડળ આજે આવશે. જેમના માટે વિદેશ મંત્રાલય દ્વારા રહેવાની વ્યવસ્થા અરૈલ ખાતે ટેન્ટ સિટીમાં કરવામાં આવી છે. આ પ્રતિનિધિમંડળ આજે મહાકુંભ મેળા વિસ્તારની પણ મુલાકાત લેશે. હેરિટેજ વોક દ્વારા સભ્યોને પ્રયાગરાજના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને જોવાની તક મળશે.

આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે અને હેલિકોપ્ટર દ્વારા મહાકુંભ વિસ્તારનું હવાઈ દૃશ્ય માણશે. આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળમાં ફીજી, ફિનલેન્ડ, ગુયાના, મલેશિયા, મોરેશિયસ, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ત્રિનિદાદ અને ટોબેગો અને સંયુક્ત આરબ અમીરાતના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

----------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય સ્ટાર્ટપ દિવસ:

આજરોજ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવામાં આવશે. દેશમાં છેવાળાનાં લોકો સુધી ઉદ્યોગ સાહિસીકો સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બને અને મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય તે હેતુથી દર વર્ષે 16 જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2016માં સ્ટાર્ટઅપ ઈન્ડિયાની પહેલ કરી હતી. જે આજે 2025 સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા દોઢ લાખથી વધારે સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે. જેમાં ગુજરાતમાં બાર હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે.

રાજ્ય સરકાર દ્વારા “ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ” સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે ૩૫૦ કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે.

જેના પરિણામે વર્ષ ૨૦૧૭માં ગુજરાતને સ્ટાર્ટઅપ ઇન્ડિયા પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે “Prime Minister Award for Excellence in Public Administration in 2017” એવોર્ડ મળ્યો હતો. તદ્‌ઉપરાંત રાજ્યને સતત ૪ વર્ષ એટલે કે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ પણ મળ્યો હતો.

----------------------------------------------------------------------------------------

## વાસી ઉત્તરાયણના ઈમરજન્સી કોલ:

ગુજરાતમાં વાસી ઉત્તરાયણનાં દિવસે ગઈકાલે સાંજે છ વાગ્યા સુધીમાં 108 એમ્બ્યુલન્સ સેવાને 3 હજાર 345 ઇમરજન્સી કોલ આવ્યા હતા, જે ગયા વર્ષનાં આ દિવસ કરતા 303 અને સામાન્ય દિવસ કરતાં 645 વધુ છે.

આ ઉપરાંત કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને ગઈકાલે સાંજે છ વાગ્યા સુધીમાં 1119 ઇમરજન્સી કોલ આવ્યા હતા, જેમાંથી 846 પશુઓને ઇજા અને 273 પક્ષીઓને ઇજા અંગેનાં કોલ હતા.

---

## કચ્છ યુનિવર્સિટીમાં પ્રતિનિધિઓની નિયુક્તિ:

ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં રાજ્ય સરકાર દ્વારા 4 પ્રતિનિધિની સત્તાવાર નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં કચ્છ વિભાગ સંયોજક રહી ચૂકેલા વિદ્યાર્થી પ્રતિનિધિ અક્ષયભાઈ રાજેન્દ્રભાઈ ઠક્કર, રાજકીય અને સામાજિક અગ્રણી રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા, તોલાણી કોલેજના પ્રાધ્યાપક ડો.કલ્પેશભાઈ ધનજીભાઈ સોરઠિયા અને ભુજ નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને મહિલા અગ્રણી રેશ્માબેન જિતેન્દ્રભાઈ ઝવેરીનો સમાવેશ થાય છે. આ સભ્યોની નિયુક્તિ સેક્શન 16 ની - જોગવાઈ અંતર્ગત અઢી વર્ષ માટે કરવામાં આવી છે.

---

## મહિલા ક્રિકેટ ટીમ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આયર્લેન્ડ ટીમને 304 રનના મોટા જુમલાની સરસાઇથી હરાવી વિક્રમ સર્જ્યો હતો. રાજકોટ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ એક

દ્વિવસીય મેચમાં ભારતીય મહિલા ટીમે 5 વિકેટ ગુમાવી 435 રન કર્યા હતા. સુકાની સ્મૃતિ મંધાનાએ સદી નોંધાવી હતી. જવાબમાં આયર્લેન્ડની ટીમ 131 રન કરી શકી હતી.

---